હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૭૨૬, વર્ષ : ૩૧
અંક : ૨૪ ડીસેમ્બર–૧૬, ૨૦૧૮

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

ॐ भद्रं कर्णेभिः श्रृणुयाम देवाः ।
भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरंगैस्तुष्टुवांसस्तनूभिर् ।
व्यशेम देवहितं यदायुः ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ૐ હે દેવો, પરીધર્મનું પાલન કરતા રહેનારા અમે કાનો વડે કલ્યાણ સાંભળીએ, આંખો વડે કલ્યાણ જોઈએ; અમારાં નીરોગી અને મજબૂત અંગો તથા શરીરો વડે તમારી સ્તુતિ કરવા કરતા, જે આયુષ અમારા માટે તમે ઠરાવ્યું હોય તેનો, દેવોના હિતમાં – દેવપ્રીત્યર્થે અમે ભોગવીએ!

- શાંતિપાઠ, માંડૂક્યોપનિષદ

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

જીવ અવિદ્યાથી આવૃત્ત થયેલ હોવાથી પોતાના સાચા સ્વરૂપને સમજી શકતો નથી. અવિદ્યાના આ આવરણને દૂર કરવા માટે નિરૂપણ થયેલ વાઙ્મય એટલે ઉપનિષદો. સમસ્ત ઉપનિષેદોમાં પ્રથમ 'ઈશોપનિષદ' ગણાય છે જેમાં માત્ર અઢાર શ્લોકમાં પરમાર્થિક જીવનના પથ થકી પૂર્ણ દર્શનનું રહસ્ય વર્ણવાયું છે. ઈશાવાસ્યમના ચોથા શ્લોકમાં દર્શાવ્યા મુજબ દેવતાઓ તથા મહાપુરુષો પણ ઈશ્વરને પૂર્ણરૂપે જાણી શકતા નથી. આ બીજને ધ્યાને લઈ બીજાક્રમે આવતા કેન ઉપનિષદમાં કોના દ્વારા મન, વાણી વગેરેને પ્રેરણા મળે છે તે પ્રશ્ન ઉકેલ તરીકે પરમાત્મ તત્ત્વની ઓળખ આપવામાં આવી છે. આજ શૃંખલાનુ ત્રીજુ ઉપનિષદ માંડૂક્યોપનિષદ ગણવામાં આવે છે.

માંડૂક્ય ઉપનિષદ નાનાં ઉપનિષદોમાંય નાનું છે. તેમાં માત્ર ૧૨ મંત્રો છે. એવું મનાય છે કે ૧૦૮ ઉપનિષદોનો સાર આ ઉપનિષદમાં હોઈ તે કઠીન પ્રકારનું ગણાય છે. અથર્વવેદનું આ ઉપનિષદ "ॐ इति एतद अक्षरम्" એટલે કે શા માટે ૐ એ શબ્દ આત્મસ્વરૂપ છે તે સમજાવે છે. પાંતજલ યોગદર્શનમાં ૐકારને પરમાત્માનું નામ કહેવામાં આવ્યું છે તથા પરમાત્માના પ્રતિક તરીકે તેને માનવામાં આવે છે. માંડૂક્ય ઉપનિષદમાં પણ ઋષિ ૐકારને પરમાત્મા રૂપ જ માને છે ને કહે છે કે આ બધુ ૐ અક્ષર કે અવિનાશી ૐ રૂપ જ છે. આ ઉપનિષદ વિશે થોડીક જાણકારી મેળવવાનો પ્રયાસ કરીએ.

માંડૂક્યોપનિષદના બાર શ્લોકોને વિષયવસ્તુ સંદર્ભે ત્રણ ભાગમાં વહેંચી શકાય. શાંતિપાઠ પછીના બે શ્લોકોમાં ૐકારની વ્યાખ્યા કરવામાં આવી છે. ત્રણથી સાત સુધીના શ્લોકોમાં આત્માના સ્વરૂપ અંગે નિરૂપણ છે. આઠથી બારમા મંત્રમાં આત્મા અને ૐકારની એકવાક્યતા, ઓમની ત્રણ માત્રા અંગે વિશદ્ ચર્ચા કરવામાં આવી છે.

ઉપનિષદના પ્રારંભમાં શ્લોકમાં ઋષિ સત્યની પ્રતીતિ કરાવતાં કહે છે આ બધુ ૐ અક્ષર કે અવિનાશી ૐ રૂપ જ છે.

ओम् इति एतद् अक्षरम्, इदं सर्वम् तस्य
उपव्याख्यानम्; भूतं भविष्यद् इति सर्वम् ओकारं एवं ।
यत् च त्रिकालातीतम् अन्यत् तद् अपि ओकारः एव ॥

ઓમ એવો જે અક્ષર કે વર્ણ છે તે જે બધુ (દશ્ય) છે. બધુ જ ૐ સ્વરૂપ છે. ભૂતકાળમાં જે થઈ ગયું છે, વર્તમાનમાં થઇ રહ્યું છે અને ભવિષ્યમાં જે થવાનું છે તે બધુ જ સર્જન પરમાત્મામાંથી પ્રગટ થયેલું તે પરમાત્મા રૂપ છે. ૐ એટલે આ અક્ષર ધામ કે પદ છે. 'तस्य उपव्याख्यानम्' એટલે કે સમગ્ર બધું જ ૐ અક્ષરનો પરિવાર, વિસ્તાર કે વંશવેલો છે. આ વિસ્તાર એટલે ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રિકાળના બધા જ ભાવો કે પદાર્થો. એટલે કે ૐકાર શબ્દ કે દવનિની લીલા, પરિવાર કે વિસ્તાર છે. ત્રણ કાળનું ઉપાખ્યાન પણ ૐકાર છે. આ ઉપરાંત ત્રણ કાળની પાર જે એનાથી નિરાળું બીજું જે કાંઈ છે તે પણ અક્ષર અથવા ૐ કાર જ છે. પરમાત્મા પણ ૐ કાર છે. ઋષિ કહે છે કે આ સંસારમાં હરક્ષણે જે કંઈ બને છે એ બધું જ અવિનાશી ૐ કાર છે ૐ રૂપી સત્ય બે રૂપે પ્રગટ થાય છે. એક નામ અથવા શબ્દથી અને બીજું, રૂપ કે આકારથી. આ બન્ને સ્વરૂપો ૐ કાર છે. એટલે કે શબ્દસૃષ્ટિ અને દશ્યસૃષ્ટિ બેઉ ૐ છે. અક્ષર એટલે કે 'શબ્દ' અને 'અક્ષર' એટલે કે શબ્દ દ્વારા વર્ણવાતા પદાર્થો કે ક્ષર એવા ભાવો એ બંનેથી જુદું એવું જે અવિનાશી અમરત્વ પદ એટલે કે एकमेवाद्वितीयम् પણ ૐ છે. આમ, પ્રથમ શ્લોકમાં ઋષિ 'આત્મા બ્રહ્મ છે' નો સંદેશ આપે છે. બ્રહ્મ જ પરમાત્મા છે. આથી આત્મા અને પરમાત્માનો ભેદ છે જ નહીં. જીવ અને શિવ અથવા જીવાત્મા ને પરમાત્મા એક જ છે. તેથી જ કહે છે अयआत्मा ब्रह्म ।

શાસ્ત્રોનો અભ્યાસ અને ઉપદેશ હોવા છતાં આત્મા પરમાત્મા છે તેમ કેમ નથી અનુભવાતું? આ માટે ઋષિ આગળના શ્લોકમાં આત્માની ચાર અવસ્થાનું વર્ણન કરે છે. ૐકાર, આત્મા ને પરમાત્મા એક જ છે. એ આત્માની ચાર અવસ્થા અથવા ચાર પાદવાળો / વર્ણવાયો છે. આત્માનું આ 'ચતુષ્પાદ' મંત્ર ત્રણથી સાતમાં વર્ણવવામાં આવ્યું છે.

આત્માની પહેલી અવસ્થા જાગ્રત અવસ્થા છે. जागरितस्थानो बहिष्प्रज्ञः सप्तांग एकोनविंशतिमुखः स्थूलभुग् वैश्वानरः प्रथमः पादः ॥३॥ પ્રથમ અવસ્થામાં આત્મા જાગ્રત અવસ્થામાં રહે છે. આ જાગ્રત અવસ્થાને લીધે તેને બહારના પદાર્થોનું જ્ઞાન ને ભાન થાય છે. આથી તે વિવિધ વિષયો કે પદાર્થોને ભોગવે છે. આવી આત્માની અવસ્થાને સાત અંગવાળો (એટલે કે માથું, આંખ, મોં, પ્રાણ, મધ્ય ભાગ, ગુહ્ય ભાગ અને પશ્વ) અને ઓગણીસ મુખવાળો (પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) વર્ણવેલો છે. આત્માની આ અવસ્થાને વૈશ્વાનર એટલે વિશ્વપુરુષ તરીકે ઓળખવામાં આવે છે. દરેક જીવ બહારથી ભિન્ન દેખાતો હોવા છતાં તમામમાં સાત અંગ અને ઓગણીસ મુખવાળો હોય છે. આવો આત્મા સ્થૂલ ભોગી છે. વસ્તુતઃ તે જૂજવે રૂપે છતાં એક જ આત્મા છે.

આત્માની બીજી અવસ્થા સ્વપ્નાવસ્થા છે. આ અવસ્થામાં મન જાગતું હોય છે. તે અંદરના જગતને જુએ ને અનુભવે છે ને તેના દ્વારા આત્માને જ્ઞાન થઈ રહે છે. સ્વપ્નાવસ્થામાં ઈચ્છાને વાસનાને પરિણામે પેદા થયેલા સૂક્ષ્મ પદાર્થો અથવા વિષયોને તે ભોગવે છે. આવી અવસ્થાને તૈજસ અવસ્થા કહે છે. વૈશ્વાનર કરતાં તૈજસ અવસ્થા બાહ્ય જગત અને અંતઃ પ્રજ્ઞ જગત વચ્ચેનું છે.

આત્માની ત્રીજી અવસ્થા સુષુપ્તિ અવસ્થા છે. આ અવસ્થામાં માણસ ઊંડી ઊંઘમાં પડે છે ખરો, પરંતુ તે કોઈ સ્વપ્ન નથી જોતો તથા કોઈ પદાર્થ કે વિષયોનો પણ અનુભવ નથી કરતો. આ વખતે આત્મા એકરૂપ બને છે. આનંદમય બની આનંદનો અનુભવ કરે છે ને સ્મૃતિજન્ય માનસિક જ્ઞાન ધરાવે છે. તે ચિત્તરૂપી એક મુખવાળો ને પ્રાજ્ઞ નામનો આત્મા કહેવાય છે. વૈશ્વાનર અવસ્થામાં આપણે કામના કરીએ છીએ તથા ઈન્દ્રિયના પદાર્થો પ્રતિ બહિર્મુખ થઈને વર્તીએ છીએ. તૈજસની બીજી અવસ્થા સ્વપ્નમાં આપણે જાગ્રતઅવસ્થામાં માણેલા અને અંદર સંચિત પડેલા સંસ્કારોની સ્મૃતિને આધારે સ્વપ્નાં માણીએ છીએ. જ્યારે આ બન્નેની અનુભૂતિ નિદ્રાવસ્થામાં હોતી નથી. આ કાળનું આત્માનું સ્વરૂપ તે 'પ્રાજ્ઞ' કહેવામાં આવે છે. પહેલી બે અવસ્થામાં ચિત્ત ઈન્દ્રિયો વડે ભોગવે છે. આથી તે બે પાદ આત્મા 'एकोनविंशतिमुखः' કહ્યો, જ્યારે આ ત્રીજા પાદમાં આત્મા સાત્ત્વિક દશાવાળુ ચિત્ત–સત્ત્વ છે. આથી ત્રીજા પાદને 'चेतोमुखः' કહ્યું છે. પ્રથમ પાદે આત્મા સ્થૂળને માણે છે. બીજા પાદે આત્મા સંચિત પડેલા ભાવોને માણે છે. જ્યારે ત્રીજા પાદે આત્મા आनंदभुक होઈ આનંદને માણે છે. આ પાદમાં આત્મા પોતે પોતાને માણે છે. આત્માની આ ત્રીજી અવસ્થાને 'પ્રાજ્ઞ' કહે છે.

ચતુષ્પાદ એવા આત્માના ત્રણ ક્રમિક પગથિયાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ને અનુક્રમે વૈશ્વાનર, તૈજસ અને પ્રાજ્ઞ કહે છે. આત્માની ચોથી અવસ્થા સમાધિ અવસ્થા અથવા તુરીયાવસ્થા છે. આ અવસ્થામાં આત્મા પોતાને જોઈને પોતાની અંદર જ પ્રસન્ન રહે છે. તે અવસ્થામાં શરીરના એક–એક અવયવને પ્રત્યેક પરમાણુમાં પરમ શાંતિનું દર્શન થાય છે, ઋષિ કહે છે આ સમાધિ અવસ્થા વાણીથી સમજાવી ન શકાય તેવી, મનથી મનન કે ગ્રહણ ન કરી શકાય તેવી, આત્માના અનુભવના સારરૂપ છે, શાંત છે. કલ્યાણસ્વરૂપ છે ને અદ્વૈત છે. સંસારરૂપ પ્રપંચ તેમાં શમી જાય છે. પરમાત્મા સૌના ઈશ્વર છે. સૌનું મૂળ કારણ છે તેવું જ્ઞાન થવાથી પોતાના મૂળરૂપ ને સમગ્ર સંસારના મૂળ સ્વરૂપની અનુભૂતિ થાય છે.

ચતુષ્પાદ વિશે સાતમા શ્લોકમાં વર્ણવ્યા મુજબ ''(જે પાદ) અંતઃ પ્રજ્ઞ નથી; બહિષ્પ્રજ્ઞ નથી; ઉભપતઃ પ્રજ્ઞ નથી; (જે પાદ) પ્રજ્ઞાનઘન નથી, પ્રજ્ઞ નથી (તેમ) અપ્રજ્ઞ (પણ) નથી; (આથી કરીને જે પાદ) અદૃષ્ટ છે, અવ્યવહાર્ય છે; અગ્રાહ્ય છે, અલક્ષણ છે, અચિંત્ય છે, અવર્ણ્ય છે; (જે આપણા પ્રજ્ઞાનમાત્રમાં સૂત્રરૂપે રહેલા) એકાત્મ–અનુભવના સારરૂપ છે; જ્યાં (પ્રથમ ત્રણ પાદોમાં થતા પ્રત્યયરૂપ) પ્રપંચ વિરામ પામે છે; (એટલે) જે શાંત છે, શિવ છે, અદ્વૈત છે; (એવો જે) ચોથો (પાદ) મનાય છે, તે આત્મા છે. (જીવે) તેને જાણવાનો છે – તે વિજ્ઞેય છે.''

આત્માની ઓળખ આમ ચાર અવસ્થાઓમાં વર્ણવ્યા પછી બાકીના ચાર શ્લોકમાં આત્મા અને ૐકારની એકવાક્યતા વર્ણવવામાં આવી છે. ઋષિ કહે છે આ આત્મા ૐકાર છે. આત્માની જે અવસ્થાઓ છે તે ૐકારની માત્રાઓ છે. આ માત્રાઓ અ, ઉ ને મ એમ ત્રણ છે.

જાગ્રત અવસ્થામાં રહેનારો વૈશ્વાનર આત્મા એ ૐ ની પહેલી માત્રા અકારરૂપ છે. અ કારનો વ્યાપક ભાવાર્થ આપ્તિ, પ્રાપ્તિ અથવા આદિમત્ત્વ છે. જે જાણે છે ને બધી કામનાઓને મેળવે છે. ૐકારની બીજી માત્રા ઉ છે. સ્વપ્નાવસ્થાને 'તૈજસ' આત્મા તે ઉકારરૂપ બીજી માત્રા છે. ઉકારનો વ્યાપક ભાવ ઉત્કર્ષ અથવા ઉભયત્વ છે. તે ભાવાર્થને જાણનાર જ્ઞાનની વૃદ્ધિ કરી સમદર્શી બને છે. સુષુપ્તિ અવસ્થાનો આત્મા તે મ કારરૂપ ત્રીજી માત્રા છે. તેનો ભાવ મિતિ–માપ અથવા અપ્રીતિ–લય થાય છે. આ ભાવને સમજનાર બધાનું રહસ્ય જાણી લઈને આત્મામાં લય પામે છે. માત્રા વિનાનો ચોથો આત્મા, ચતુષ્પાદ, મન અને વાણીના વ્યવહારથી પર છે. સંસાર ત્યાં શાંત થાય છે. તે કલ્યાણસ્વરૂપ ને અદ્વૈત છે. ચોથી અવસ્થામાં ૐકારને આત્મામાં કોઈ ભેદ રહેતો નથી. આ એકતા જે જાણી લે તે આત્મામય બની આત્મામાં પ્રવેશ કરે છે.

આ ઉપનિષદના બાર મંત્રોમાં ઋષિ તમામ શાસ્ત્રોના નિચોડરૂપ કહે છે કે આત્માને જાણવો હોય તો પ્રણવોપાસના કરો; ૐ નો અર્થ સમજો. આત્મા કે ઈશનો વાચક પ્રણવ છે; તેનો જાપ કરો અને તે દ્વારા તેની ભાવના કર્યા કરો, તો એને પામશો.

ૐ વડે જગતના તમામ દૃશ્ય, ભોગ્ય તથા શ્રાવ્ય વ્યવહારનો તાગ મેળવી શકાય છે. સમગ્ર ઉપનિષદનું હાર્દ એ છે કે ૐ નામક એક પદથી આત્માના ચતુષ્પાદને પામી શકાય છે. આથી જ સ્વીકારાયું છે કે ૐ એ પરમમંત્ર તથા પરમશબ્દ છે. ૐ ની ઉપાસના સર્વશ્રેષ્ઠ ઉપાસના છે.

તા. ૧૬-૧૨-૨૦૧૮
પાટણ.

પ્રોફે. બી.એ. પ્રજાપતિ
કુલપતિ

## પીએચ.ડી.

| No. | Candidate | Title of the Thesis | Faculty/Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 1. | **Agrawal Siddhiben Gopalbhai** | Comparison of On-Line Shopping Treand, Patterns and Preferences of Consumet with a Perspective to but Fresh Products from Popular Sites in North Gujarat Region | **COMMERCE** COMMERCE | **Dr. Ashsish J. Dave** Shri B.K.Patel Arts & Smt. L.M. Patel Commerce College, Savli, Dist. Vadodara |
| 2. | **Asodiya Amrutbhai Bijalbhai** | **આદર્શ નિવાસી શાળાઓના વિદ્યાર્થીઓનો અનુકૂલનના સંદર્ભમાં કેટલાક ચલોનો અભ્યાસ** | **EDUCATION** EDUCATION | **Dr. V. V. Chaudhari** Revaba Sarvajanik Education College, Mehsana |
| 3. | **Brahmbhatt Gunjan Rashmikant** | The Role of Perceived School Climate in Emergence of Adjustment Patterns and Study Harits in Secondary School Students | **ARTS** PSYCHOLOGY | **Dr. B. D. Dhila** Smt. M.M. Shah Mahila Arts College, Kadi |
| 4. | **Chaudhari Bhavenkumar Moghjibhai** | **વ્યક્તિગત અને ટુકડીગત રમતોના રાષ્ટ્રીય ખેલાડીઓની ચિંતા, આવેગાત્મક અને બુદ્ધિઆંકનો તુલનાત્મક અભ્યાસ** | **EDUCATION** PHYSICAL EDUCATION | **Dr. V. G. Chaudhari** HNGU, Patan |
| 5. | **Chaudhari Kokilaben Mansukhbhai** | **हिन्दी व्यंग्यसाहित्य और व्यंग्यकार लतीफ घोंघी** | **ARTS** HINDI | **Dr. B. A. Patel** Vijaynagar Arts College, Vijaynagar |
| 6. | **Chauhan Amitshingh** | Design and In-Vitro Evaluation of Chronotherapeutic Delivery System of a Nsaid for Rhemutoid Arthritis | **PHARMACY** PHARMACEUTICAL SCIENCE | **Dr. L. D. Patel** Sharda School of Pharmacy, Gandhinagar |
| 7. | **Dabhi Ajaykumar Naranbhai** | Formulation Strategies to Improve Bioavailability of Dabigatran and Ticagrealor | **PHARMACY** PHARMACEUTICAL SCIENCE | **Dr. D. M. Patel** Arihant School of Pharmacy & Bio-Research Institute, Adalaj |
| 8. | **Dabhi Subhashbhai Bhikabhai** | **બાસ્કેટ બોલ અને હેન્ડબોલના ખેલાડીઓની ચિંતા, શારીરિક યોગ્યતા અને પ્રેરણાત્મક બાબતોનો તુલનાત્મક અભ્યાસ** | **EDUCATION** PHYSICAL EDUCATION | **Dr. Vipul H. Upadhyaya** HNGU, Patan |
| 9. | **Dave Pradipkumar Satishchandra** | Physico Chemical Properties of Some Thermosets and their Application as water Pollutant Adsorbents | **SCIENCE** CHEMISTRY | **Dr. Sailesh V. Patel** Sir P. T. Science College, Modasa |
| 10. | **Deria Rahul Karshanbhai** | Effect of Plyometric Traning and Weight Training Exercises of Related Motor Fitness and Skill Ability of Hocky Players | **EDUCATION** PHYSICAL EDUCATION | **Dr. N. H. Gamit** Shri & Smt. P.K. Kotawala Arts College, Patan |
| 11. | **Gauswami Nikhiljati Natwarjati** | The Protection of Children from Sexual Offences : A Legal Study | **LAW** LAW | **Dr. Kirit C. Patel** Sheth M. N. Law College, Patan |
| 12. | **Ganvit Vasantbhai Kalubhai** | **ધૂમકેતુ અને રવિન્દ્રનાથ ટાગોરના વાર્તાસાહિત્યનો તુલનાત્મક અભ્યાસ** | **ARTS** GUJARATI | **Dr. Utpal Patel** S.S. Mehta Arts & M.M.Patel Commerce College, Himmatnagar |
| 13. | **Jadhav Jayesh Prataprao** | Synthesis, Characterization and Biological Studies of Some Novel N, S, O Based Heterocyclic Motifs | **SCIENCE** CHEMISTRY | **Dr. K. A. Parmar** HNGU, Patan |
| 14. | **Jadhav Navnitkumar Parshottambhai** | **વિવિધ બ્લડગ્રુપના વિદ્યાર્થીઓ ઉપર પ્રાણાયામની હિમેટોલોજીકલ પાસાઓ, શ્વસનતંત્ર અને ફેફસા શક્તિ પર થી અસરોનો અભ્યાસ** | **EDUCATION** PHYSICAL EDUCATION | **Dr. J. P. Thakor** C. C. Sheth College of Commerce, Ahmedabad |

# યુનિવર્સિટી ન્યુઝ

## પ્રતિમા અનાવરણ


















હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં કુલપતિશ્રી પ્રોફે. બી. એ. પ્રજાપતિની અધ્યક્ષતામાં તા. ૧૨–૧૨–૨૦૧૮ના રોજ ભારતની એકતાના શિલ્પી અને અખંડ ભારતના નિર્માતા સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાના અનાવરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રતિમાનું અનાવરણ બળવંતસિંહ રાજપૂતના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રી બળવંતસિંહ રાજપૂતે ભારતની એકતા, દેશી રજવાડાનું વિલીનીકરણ વગેરે કપરાં કાર્યો સરદારે કુનેહપૂર્વક પાર પાડી અખંડ ભારતનું નિર્માણ કર્યું, આપણે સૌ સરદારના ઋણી છીએ તેમ જણાવ્યુ હતું. અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં કુલપતિશ્રીએ તત્કાલીન ગર્વનર માઉન્ટબેટન દ્વારા અખંડ ભારતના નિર્માણમાં ૧૫ થી વધુ વર્ષો લાગશે તેવી ભવિષ્યવાણીને ખોટી પાડી ખૂબ થોડા મહિનાઓમાં સરદારે આ કાર્ય સંપન્ન કર્યું તેમ જણાવ્યું હતું. વધુમાં કુલપતિશ્રીએ તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ દ્વારા સરદારની અંતિમયાત્રામાં ઉપસ્થિત રહેવાના પ્રસંગને યાદ કર્યો હતો અને આવનાર ભવિષ્યમાં જ્ઞાતિવાદ, પ્રાંતવાદ, ભાષાવાદ, કોમવાદથી ઉપર ઉઠી રાષ્ટ્રને સર્વોપરી સ્વીકારવા હાકલ કરી હતી અને આજ વાસ્તવમાં તેમના પ્રત્યેની સાચી શ્રધ્ધાંજલિ–ભાવાંજલી છે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે કારોબારી સભ્યશ્રી શૈલેષભાઇ પટેલ, કા. કુલસચિવશ્રી મુખ્ય હિસાબી અધિકારી, કા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન, નાયબ ઇજનેર, એન.એસ.એસ. કો–ઓર્ડીનેટરશ્રી વગેરે અધિકારીશ્રીઓ તેમજ ડૉ. વિશાલ ભેમવાલા, ડૉ. ગાર્ગીબેન રાવલ, ડૉ. સ્મિતાબેન વ્યાસ, ડૉ. અશ્વિનભાઇ મોદી વગેરે અધ્યાપકશ્રીઓ તેમજ કર્મચારીઓ–વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ભાર્ગવભાઇ શાસ્ત્રી અને અશોકભાઇ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રવચન







હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ મુકામે માનનીય કુલપતિશ્રી પ્રોફે. બી. એ. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીનાં એસ.કે. કૉલેજ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ, બી.બી.એ. અને બી.કોમ. વિભાગના કો–ઓર્ડીનેટર શ્રી મિતુલભાઇ દેલીયા દ્વારા પ્રસિદ્ધ, ખ્યાતનામ સંન્યાસી અને કૃપાલુ મહારાજના વિદ્વાન પ્રચારક સ્વામી શ્રી મુકુદાનંદજીનું પ્રવચન તા. ૨૬–૧૨–૨૦૧૮ના રોજ આયોજિત કરવામાં આવ્યું હતુ. આ પ્રવચનમાં યુનિવર્સિટીનાં મેનેજમેન્ટ, કોમર્સ, લૉ, સંસ્કૃત, લાઇફ સાયન્સ અને એમ.એસસી. –આઇ.ટી. વિભાગોનાં અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થી ભાઇઓ–બહેનો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વામીજી દ્વારા જીવન જીવવાની સાચી દિશા અને આનંદમય જીવન અંગે પ્રેરક માર્ગદર્શન આપ્યુ હતું. તેઓશ્રી દ્વારા "સિક્રેટ પાથ ઓફ સક્સેસ એન્ડ હેપ્પીનેશ ઓફ લાઇફ" વિષય પર વિવિધ દ્દષ્ટાંતો સાથે માઇન્ડ સેટ અંગે સૌને પ્રેરક ઉદ્‌બોધન કરી કર્મયોગ, આત્મ પરિવર્તન, આત્મસંયમ, આંતરિક શુદ્ધિ, સ્ટ્રેસ મેનેજમેન્ટ જેવા વિષયોને આવરી લઇ ઉત્સાહ સાચી દિશાનો હોવો જોઇએ તેમ જણાવી મનની શુદ્ધતા પર ભાર મૂક્યો હતો.

## આંતરરાષ્ટ્રીય સંબંધો

ગુજરાત સરકાર અને યુ.કે. સરકારના સંયુક્ત પ્રયાસોથી ઇન્ટરનેશનલ ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતું. જે અંતર્ગત ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં ૫૦૦૦થી વધુ અધ્યાપકોને Phase-1 અને Phase-2ની તાલીમ આપવામાં આવેલ હતી. જે પૈકી ૩૨ અધ્યાપકોની પસંદગી Phase-3 માટે કરવામાં આવી હતી. આ ૩૨ અધ્યાપકોને Phase-3ની તાલીમ અંતર્ગત યુ.કે.ની પાંચ અલગ અલગ યુનિવર્સિટીઓ અને બિઝનેસ કંપનીઓમાં ૧૦ દિવસ સુધી તાલીમ આપવામાં આવેલ હતી. આ તાલીમ દરમિયાન તેમણે ઇંગ્લેન્ડની યુનિવર્સિટીઓની કાર્યપદ્ધતિથી વાકેફ કરવામાં આવ્યા હતાં. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતના અધ્યાપકોને વૈશ્વિક કક્ષાએ ચાલતા શિક્ષણના પ્રવાહ, શિક્ષણ પદ્ધતિ, શિક્ષણમાં થતો ટેક્નોલોજીનો ઉપયોગ, વૈશ્વિક અભ્યાસક્રમ, વૈશ્વિક જરૂરિયાતો, વૈશ્વિક સંસ્કૃતિ વગેરેથી પરિચિત કરવાનો હતો. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વતી આર્ટ્‌સ કોલેજ શામળાજીના ડૉ. હેમંત પટેલે પ્રતિનિધિત્વ કર્યું હતું.

## એન.એસ.એસ.

ભારત સરકારના યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્‌સ મંત્રાલય, નવી દિલ્હી એન.એસ.એસ. પ્રાદેશિક કચેરી નિયામકશ્રીના નિર્દેશાનુસાર ચાલુ વર્ષે પ્રજાસત્તાક દિવસની ઉજવણી રાજપથ, નવી દિલ્હી ખાતે કરવા નિમિત્તે તા. ૨૫ નવેમ્બરથી તા. ૪ ડીસેમ્બર, ૨૦૧૮ સુધી દસ દિવસનો વેસ્ટ ઝોન પ્રિ. આર.ડી. કેમ્પ, નાગપુર, મહારાષ્ટ્ર ખાતે યોજવામાં આવ્યો હતો. આ કેમ્પના ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગે આર.ટી.એમ. યુનિવર્સિટીના કૉ. ઓર્ડીનેટર ડૉ. કેશવ વાલ્કે, કુલસચિવ ડૉ. નીરજ ખટી, રીજીઓનલ ડાયરેક્ટર, પુણે ડી. કાર્તિકેયન, અજય સિંદે, પ્રકાશ શુક્લાએ માર્ગદર્શન આપ્યું હતું. જુદા જુદા રાજ્યના શિબિરાર્થીઓ દ્વારા રોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. આ શિબિરમાં ભારતભરમાંથી સાત રાજ્યોની યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીના ૫૬ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સલંગ્ન એન.એસ.એસ. ચલાવતી કોલેજોમાંથી અંજુ વણઝારા, મિત્તલ ચૌધરી, તેજલ ચૌધરી, મનીષ પ્રજાપતિ, પ્રિયાંક બળેવીયા, સાગર પટેલ, રાકેશ ઠાકોર, રાજેશ કોટડની પસંદગી થયેલ છે. જેમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી રાજપથ, નવી દિલ્હી ખાતે થનાર પરેડ માટે આર.આર. મહેતા એન્ડ સી.એલ. પરીખ કોલેજ, પાલનપુરના એન.એસ.એસ. સ્વયંસેવક મનીષકુમાર આર. પ્રજાપતિની પસંદગી થયેલ છે.

## નેટ–સ્લેટ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, અંગ્રેજી ભવનનાં ૦૭ વિદ્યાર્થીઓ વર્ષ–૨૦૧૮માં લેવાયેલ જી.એસ.એલ.ઇ.ટી. પાસ થયેલ છે. સપ્ટેમ્બર–૨૦૧૮માં લેવાયેલી પરીક્ષાનું પરિણામ રાજ્યભરનું માત્ર ૬.૫% છે. જ્યારે રાજ્યમાંથી તમામ વિષયોમાં કુલ ૪૪૭૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૫૯૫ વિદ્યાર્થી પાસ થયા હતા.

# કોલેજ ન્યુઝ

## આરોગ્ય

✻ શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ તા. ૩-૧૨-૨૦૧૮ના રોજ આઇ.સી.ટી.સી. કાઉન્સીલર જનરલ હોસ્પિટલ મહેસાણાના શ્રીમાન ધીરેનભાઇ સોલંકીનું એઇડ્સ પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. એઇડ્સની ખતરનાક બિમારીનાં લક્ષણો, તેની સારવાર અને સામાજીક સ્વીકૃતિ વિશદ ચર્ચા કરી હતી.

✻ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન ગાંધી આશ્રમ ઝીલીઆ સંચાલિત બી.એમ. શાહ મહાવિદ્યાલય, ઝીલીઆમાં તા. ૧-૧૨-૨૦૧૮ના રોજ ''વિશ્વ એઇડ્સ દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. શ્રી દલસુખભાઇ વસાવાએ ''વિશ્વ એઇડ્સ દિવસ''ની ભૂમિકા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના રોશન અગ્રવાલે ''એચ.આઇ.વી./એઇડ્સ રોગનો ઉદ્‌ભવ, લક્ષણો, એઇડ્સ રોગને અટકાવવાના ઉપાયો અને વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નો ઉપરાંત તા. ૧૦-૧૨-૨૦૧૮ના રોજ ''માનવ અધિકારી દિવસ''ની ઉજવણી કરવામાં આવી. ભાવિષાબેન કાલાણીએ ''બંધારણ દ્વારા અપાયેલા માનવ અધિકારો નાગરિક અધિકારો'' અને આચાર્યશ્રી ડૉ. મુકેશભાઇ પ્રજાપતિએ ''માનવ અધિકારોનું મહત્ત્વ'' અંગે વ્યાખ્યાન આપ્યું હતું.



✻ લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરમાં રાષ્ટ્રીય સેવા યોજના અને આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે થેલેસીમિયા પરીક્ષણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વૈદરાજશ્રી કમલેશભાઇ, વિસ્તરણ અધિકારીશ્રી અનિલભાઇ અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા, અમદાવાદના કેમ્પ ઇન્ચાર્જશ્રી જયંતીભાઇએ થેલેસીમિયા એટલે શું ?, થેલેસીમિયા માઇનરનાં લક્ષણ, થેલેસીમિયા મેજરનાં લક્ષણ, થેલેસીમિયા માઇનર એ રોગ નથી પરંતુ થેલેસીમિયા મેજર એક જીવલેણ રોગ છે, સગાઇ કે લગ્ન પહેલા થેલેસીમિયા પરીક્ષણ શા માટે કરાવવું જોઇએ, પતિ-પત્ની બંને થેલેસીમિયા માઇનર હોય તો શું કરવું, ગર્ભસ્થ બાળક થેલેસીમિયા મેજર છે કે નહિ તે અંગે વ્યાખ્યાનો આપ્યા હતા.

## એન.એસ.એસ.

✻ આર્ટ્સ કોલેજ, મોડાસામાં રાષ્ટ્રીય સેવા યોજનાનાં ઉપક્રમે ભારતની દબાયેલી, શોષિત, વંચિત, પીડિત, પ્રજાનાં પ્રશ્નોને વાચા આપી એનું નિરાકરણ લાવવાની વર્તમાન સમયની એક માત્ર આશા અને વંચિતોને એમનાં અધિકારો આપવામાં સહાયરૂપ એવા અધિકારો મળે તથા બંધારણની જાણકારી મળી રહે તે માટે પ્રા. એમ.બી. દેશમુખ, પ્રા. દિગ્ગજ શાહ તથા પ્રા. હાર્દિક પંચાલે, ડૉ. દિપક જોષીએ કાર્યક્રમને અનુરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. આર્ટ્સ કોલેજ મોડાસા ભારત સરકારનાં ઉપક્રમે બરેલી (ઉત્તર પ્રદેશ) ખાતે એન.આઇ.સી. કેમ્પમાં સ્વયંસેવક વાળંદ સંદિપ, પ્રજાપતિ દિપ્તી તથા ખાંટ સુરેશ કેમ્પમાં ભાગ લીધો હતો.

✻ ૨૦૧૯ની ૨૬મી જાન્યુઆરીના રોજ રાજપથ પર દેશના વિવિધ રાજ્યોનું કલ્ચરલ તથા પરેડનું લાઇવ પ્રદર્શન યોજવામાં આવનાર છે. જેમાં આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુના ઠાકોર રાકેશકુમાર છગનજીની પસંદગી થઇ હતી. તેઓશ્રી RTM University, Nagpur (Maharastra) મુકામે પી.આર.ડી. કેમ્પમાં દસ દિવસની ટ્રેનિંગમાં ભાગ લીધેલ છે.

✻ શેઠશ્રી બી.સી. શાહ આર્ટ્સ કોલેજ, વડાલીના એન.એસ.એસ. વિભાગ દ્વારા ડૉ. આંબેડકરની શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રા. તુલસીદાસ પટેલ, ડૉ. મનુભાઇ પરમારે જીવન અને કાર્યનો પરિચય આપ્યો, કુ. મેઘા તડવી અને કુ. આરતીબેન પરમારે ડૉ. આંબેડકરના જીવન-કાર્ય પર વક્તવ્યો આપ્યા હતા.

✻ આર્ટ્સ કોલેજ, સતલાસણાના એન.એસ.એસ. યુનિટ દ્વારા પિરોજપુરા મુકામે તા. ૫-૧૨-૨૦૧૮ થી તા. ૧૧-૧૨-૨૦૧૮ દરમિયાન સ્વચ્છતા આરોગ્ય અને જનજાગૃતિ શિબિર યોજવામાં આવી હતી. શિબિર દરમિયાન ગ્રામસફાઇ, સર્વરોગ નિદાન કેમ્પ, પશુસારવાર કેમ્પ, એઇડ્ઝ વ્યાખ્યાન, વિવિધ રેલીઓ, બેટી બચાવો કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમો, ગામનો આર્થિક, સામાજિક સર્વે વગેરે કાર્યક્રમો યોજવામાં આવ્યા.



✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરાના એન.એસ.એસ. વિભાગના સ્વયંસેવકો પંડ્યા અજય અને લુહાર ઈર્શાદ રાષ્ટ્રીય એકતા શિબિરમાં તા. ૨૫ નવેમ્બર, ૨૦૧૮ થી ૧ ડિસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન વલ્લભ વિદ્યાનગર ખાતે કેમ્પમાં ભાગ લીધો હતો. ગુજરાત તેમજ અન્ય આઠ રાજ્યોની ૧૯ યુનિવર્સિટી પૈકી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણની ટીમે પર્યાવરણ બચાવો થીમ પર સ્કીટ રજૂ કરી રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

✻ એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ, પાલનપુર દ્વારા વડગામ તાલુકાના ભરકાવાડા મુકામે એન.એસ.એસ. (રાષ્ટ્રીય સેવા યોજના)ની વાર્ષિક શિબિર યોજવામાં આવી હતી. જેમાં પ્રભાતફેરી, યોગાસન, ગ્રામ સફાઇ, વ્યસનમુક્તિ જેવા બૌદ્ધિક અને

સાંસ્કૃતિક કાર્યક્રમો કર્યા હતા. ગિરીશભાઇ ઠાકરે એન.એસ.એસ. અંગે, પ્રો. ડૉ. ભરત વૈદ્યએ ''મનની શક્તિ'', શ્રીમતી જિગીશાબેન જોષીએ સગર્ભા બહેનો અંગે, વિજયભાઇ ચૂડાસમાએ સર્પનિદર્શન અંગે વ્યાખ્યાનો આપ્યા હતા. વધુમાં સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો, મનોચિકિત્સા કેમ્પ પણ કરવામાં આવ્યો હતો.



✲ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્માના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે ભારતીય બંધારણ દિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે વ્યાખ્યાન, પ્રતિજ્ઞાવાંચન, જૂથચર્ચા જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા. શ્રી નરસંગભાઇ ચૌધરીએ ભારતીય બંધારણનો ઇતિહાસ અને વિશેષતા વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું કે, ભારતનું બંધારણ વિશ્વના તમામ લોકતાંત્રિક દેશોના બંધારણ કરતાં સૌથી મોટું લેખિત બંધારણ છે. તેમાં અત્યારે ૪૬૫ અનુચ્છેદ અને ૧૨ અનુસૂચિઓ છે. તે કુલ ૨૨ ભાગોમાં વિભાજીત છે તેમ જણાવ્યું હતું.

✲ લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરના રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત તા. ૧૨-૧૨-૨૦૧૮ના રોજ મક્તુપુર, તા. ઊંઝા મુકામે શ્રીમતી સુશીલાબેન રમેશભાઇ પટેલ એન્જીનીયરીંગ કોલેજ, મુ. ડાભી, તા. ઊંઝા દ્વારા આયોજિત બાળમેળો, આનંદમેળો અને વિજ્ઞાનમેળામાં ભાઇઓ-બહેનોએ ભાગ લીધો હતો. તેમજ બાળગીત, અભિનયગીત, રંગોળી, આરોગ્ય, ટોપી, તોરણ, ઓરીગામી, ઓઇલકાર્ડ, નિશાનતાક, સંકલ્પવૃક્ષ, ચિત્ર, રમત-ગમત, અનાજ, કઠોળ અને મસાલાની ઓળખ, રસ્સાખેંચ, હિંચકા, માટીના રમકડાં, કાગળની થેલી, ભારત જોડો, આપના શરીરના અવયવ ઓળખો, આપણા શરીરના હાડકાં ઓળખો અને મહેંદી જેવી પ્રવૃત્તિઓ શીખવવામાં આવી.

## એવોર્ડ

તા. ૧૭-૧૮ નવેમ્બર, ૨૦૧૮ના રોજ હિન્દી સાહિત્ય ગંગા સંસ્થા જલગાંવ (મહારાષ્ટ્ર) દ્વારા સંચાલિત અમૃતધારા ઓર્ગેનાઇઝેશન જલગાંવ દ્વારા આયોજિત દ્વિ-દિવસીય ''રાષ્ટ્રીય અમૃતધારા સાહિત્ય મહોત્સવ''માં શ્રી એસ.કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ.એમ. આર્ટ્સ કોલેજ, મોડાસાના હિન્દી વિષયના અધ્યાપક ડૉ. ભાવના એન. સાવલિયાને 'કવિતા સાગર' કાવ્ય સંગ્રહ માટે 'અમૃતાદિત્ય સાહિત્ય ગૌરવ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. અમૃતધારા સાહિત્ય દ્વારા સંકલિત કાવ્ય સંગ્રહ 'કાવ્ય રત્નાવલી'માં ચાર કવિતાને સ્થાન આપવામાં આવ્યું.

## નેટ-સ્લેટ

એચ.કે.એમ. આર્ટ્સ એન્ડ પી.એન. પટેલ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ રિન્કુ આચાર્ય (ઇડર), કુ. દર્શના એમ. પટેલ (પેપલ્લા), કુ. એકતા એન. પટેલ (રૂદરડી)-ત્રણેય અંગ્રેજી વિષય તથા આનંદ ચૌહાણ (ઇડર)-કોમર્સ વિષય સાથે જી.એસ.ઇ.ટી.-૨૦૧૮ની પરીક્ષામાં પાસ થયેલ છે.

## મહિલા સશક્તિકરણ



૧૮૧ મહિલા હેલ્પલાઇન પ્રોગ્રામ અંતર્ગત પોલીસ અધિક્ષકની કચેરી અને એલ.એ.કે. કોલેજ ઓફ એજ્યુકેશન (સી.ટી.ઇ.) પાટણના સંયુક્ત પ્રયાસથી હેલ્પલાઇન જાગૃતિ કાર્યક્રમનું આયોજન તા. ૧૪-૧૨-૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું હતું. પાટણ જિલ્લામાં ફરજ બજાવતા અને અભયમમાં કાઉન્સેલર તરીકેની ફરજ બજાવતા શ્રી મધુબેન વાઘેલાએ માહિતી આપી હતી. વધુમાં જણાવ્યું હતું કે, રાજયની અન્ય હેલ્પલાઇન જેવી કે પોલીસ હેલ્પલાઇન-૧૦૯૧, ચાઇલ્ડ હેલ્પલાઇન-૧૦૯૮ અને મહિલા આયોગની હેલ્પલાઇન-૧૮૦૦ ૨૩૩ ૧૧૧૧ સાથે પણ જોડાણ કરેલ છે. તેમણે દરેક પ્રશિક્ષણાર્થી અને સ્ટાફને આ માટેની એપ્લીકેશન પોતાના મોબાઇલમાં ઇન્સ્ટોલ કરાવેલ. ત્યારબાદ તેનો ઉપયોગ માત્ર પીડિત બનીને જ નહીં પણ થર્ડપાર્ટી તરીકે પણ કરી શકાય છે.

## વ્યસન મુક્તિ

શ્રીમતી આર.કે.ડી. ખણુશિયા કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે તા. ૧૪-૧૨-૨૦૧૮ના રોજ વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત ચિત્ર સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કર્ણાવત છાયા-પ્રથમ ક્રમે, ગાંચી નિતેશભાઇ-દ્વિતીય નંબરે અને પટેલ તમન્ના-તૃતીય નંબરે વિજેતા રહ્યા વક્તૃત્વ સ્પર્ધામાં રાવલ સોનાલીબેન પ્રથમ ક્રમે ચૌધરી આશાબેન દ્વિતીય ક્રમે અને પટેલ કિરણબેન તૃતીય ક્રમે વિજેતા રહ્યા. તા. ૧૫-૧૨-૨૦૧૮ના રોજ પ્રશિક્ષણાર્થીઓના અભ્યાસક્રમના ભાગ સ્વરૂપ સામાજીક સર્વેક્ષણ તેમજ અર્બન હેલ્થ સેન્ટર પાલનપુર દ્વારા ગોબરી રોડ પરના વસવાટ ધરાવતા બાળકોની આરોગ્ય વિષયક તપાસ, આંગણવાડીના બાળકો માટે વિવિધ રમત-ગમતની મનોરંજન સ્પર્ધાઓ, જરૂરિયાત મંદ લોકો માટે જરૂરી કપડાંનું વિતરણ, ગંદા વસવાટના બાળકોના સામાજીક અને આરોગ્ય વિષયક સંશોધન સર્વેક્ષણ માટે પરિવારોની મુલાકાત લેવામાં આવી હતી.

# ગ્રંથદર્શન



Title : Encyclopedia of Mahatma Gandhi
Author : Shanti Associate
Publisher : Shanti Prakashan, Ahmedabad, 2016
Price : Rs. 24,975/- (5 vol. set)
ISBN : 978-93-5070-206-2

પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી થઇ રહી છે જે અંતર્ગત વિવિધ સંસ્થાઓ, સરકારી વિભાગોમાં ગાંધીજીના વિચારોની પુષ્ટિ કરતા જેમ કે સ્વચ્છતા અભિયાન, શ્રમયજ્ઞ, ચિત્ર–વકતૃત્વ–નિબંધ વગેરે સ્પર્ધા, સૂત્રોચ્ચાર સાથેની રેલીઓ, વગેરે અનેકવિધિ કાર્યક્રમોના આયોજનો થકી ગાંધી વિચારને જનસમુદાય સુધી પહોંચાડવાના પ્રયાસો થઇ રહ્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગાંધીજીની જન્મજયંતીના ઉપલક્ષ્યમાં ''સ્વચ્છ ભારત''ના નિર્માણ માટે સૌ ભારતીયોને આહ્‌વાન કર્યું છે. આવો! આપણે પણ પૂજ્ય મહાત્મા ગાંધીજી વિષયક પ્રકાશિત ગ્રંથના દર્શન કરી પાવન થઇએ.

ઘણીવાર ચર્ચા સાંભળવા મળે છે ગાંધી આજના સંદર્ભમાં પ્રસ્તુત કે અપ્રસ્તુત? પ્રસ્તુત તો કેટલા પ્રસ્તુત? Information Technologyના યુગમાં શ્રમકાર્ય, ગાંધીવિચારો, ખાદી આ બધું કેટલું પ્રસ્તુત બની રહે, નવી પેઢી ફેશન–વ્યસનમાં ગરકાવ છે ત્યારે ગાંધી મૂલ્યો–ગાંધી આદર્શો માત્ર પુસ્તકોના પાને કે પછી જનસમુદાયમાં પણ જીવંત બની રહે? આવા અનેક પ્રશ્નો ઉદ્‌ભવી શકે છે, ઉદ્‌ભવે છે અને ઉદ્‌ભવતા રહેશે. પણ મિત્રો સૂર્ય શાશ્વત છે. પહેલાનાં માતા–પિતાએ આર્થિક ભીડના કારણે પોતાના સંતાનોને કદાચ સીંગ–ચણા ખવડાવ્યા હશે, પ્રવર્તમાનના મમ્મી–પપ્પા સાધન સંપન્નતાના કારણે સંતાનોને કાજુ–બદામ ખવડાવે. પરંતુ લાગણીઓમાં કાંઇ વધઘટ નથી તે સાતત્યનાપૂર્ણ અને શાશ્વત છે. બસ આવું જ કંઇક ગાંધી મૂલ્યોનું – ગાંધી વિચાર બાબતમાં કહી શકાય. દા.ત. ખાદીના કપડાને ઉત્તેજન આપવા, શ્રમિકોને રોજીરોટી મળી રહે તે હેતુને લઇને ખાદીને પહેરવેશ તરીકે સ્વીકારવા પૂજ્ય બાપુએ હાકલ કરી હતી. આજે ખાદી રોજબરોજના વસ્ત્રપરિધાનમાં કદાચ ન સ્વીકારીએ તો પણ પ્રસંગોપાત તેને વસ્ત્ર પરિધાનમાં સ્વીકારી શકાય. ખાદીના રૂમાલ, ચાદર, શાલ, તકીયાના કવર, બારી–બારણાંના પડદા આવી અનેકવિધ સ્વરૂપે તેને સ્વીકૃતિ મળે તો ખાદી પાછળનો મૂળ આશય જળવાઇ રહે છે. સ્વચ્છતા અભિયાનની જેમ પ્રત્યેક ભારતીયોને એક દિવસ ''ખાદી ડે'' તરીકે ઉજવવાની હાકલ કરવામાં આવે તો પણ ખાદીને પ્રોત્સાહન મળી રહે. ''ખાદી ડે''ને જો પ્રધાનમંત્રી દ્વારા પ્રાધાન્યતા આપવામાં આવે તો સરકારી–ખાનગી સંસ્થાઓ, કાર્યાલયોથી લઇને ઔદ્યોગિક અને રાજકીય ક્ષેત્ર સુધી તે વ્યાપકતા ધરાવી શકે. વાસ્તવમાં ગાંધી મૂલ્યોનો કર્મકાંડ ન વળગી રહેતાં તેમાં છૂપાયેલા હાર્દને સમજી તેને નૂતન સ્વરૂપે અમલીકૃત કરવાની જરૂર છે. રાષ્ટ્ર તેના મીઠાં ફળ ચખવા સમર્થ નીવડશે તેવી પૂર્ણ શ્રદ્ધા છે. આથી જ ગાંધીમૂલ્યો શાશ્વત છે.

પ્રસ્તુત ગ્રંથના પાંચ વૉલ્યુમ છે. જેમાં ગાંધીજીના સમગ્ર જીવનકાળને આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગ્રંથનો ઉઘાડ Who was Gandhi? પ્રકરણથી કરવામાં આવ્યો છે. જેના પ્રથમ ફકરામાં જ જણાવાયું છે ''Mahatma Gandhi is remembered in the world for four majot Virtues. They are non-violence, truth, love and fraternity... He was the greatest man not only of India but of the World also'' આશરે ૨૦૦૦થી વધુ પૃષ્ઠોના આ ગ્રંથ સંપુટમાં વિવિધ પ્રકરણો અંતર્ગત ગાંધીજીના જીવનમૂલ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દા.ત. વૉલ્યુમ–૧માં ''Gandhi in Globalsed Context, Value of Education and Peace, The Moral Basis of Vegetatianism, Gandhi and World Peace, India after the Gandhi'' વગેરે ગ્રંથના વાચન કરતાં બાપુમય થઇ જવાય છે. સ્હેજ ઈર્ષાભાવ પણ જાગ્રત થાય છે કે પૂજ્ય બાપુ સાથે કામ કર્યું હશે તેના ભાગ્યની. પરંતુ બાપુએ માત્ર અમુક ઊંચાઇ ધરાવતો હાડમાંસનો દેહપિંડ નહોતા કે તેના વિલયની સાથે પૂર્ણાહૂતિ થઇ જાય. બાપુ સત્ય–અહિંસાની ઉપાસના થકી સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે.

ગ્રંથની સુદૃઢ બાંધણી, પૂજ્ય બાપુની હાસ્યમુદ્રા સાથેનના કવરપેજના કારણે ગ્રંથ આકર્ષક જણાય છે. પૂજ્ય બાપુના શ્રી ચરણોમાં વંદન.

ડૉ. કનકબાળા જાની
કા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન

## સબરસ

દીકરો : કમ્પ્યૂટર આટલા સ્માર્ટ કેમ હોય છે?
મમ્મી : એ પોતાના મધરબોર્ડનું માને છે માટે.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

Editor : Dr. Kanakbala Jani (I/c University Librarian), Dr. Chanduji Thakor
Published by : Dr. D.M.Patel, I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2020, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.